





રમત સામ-દામ-દંડને ભેદની પેક છે,
સાથીદારોના ભોગે પદ પામવાની ટેક છે
'ચેક' છે કેશુભાઇને કાંકરી કાઢી સંજયની -
થાય પૈડાં ઊંચા, ઉદ્યોગપતિઓનો જેક છે..

રાષ્ટ્રીય સ્તરે,
મહાત્વાકાંક્ષા મોટી,
મન સાંકડાં

ભૂલાઇ સેવા
સત્તા માટે સૌ જાગ્યું -
ભાજપ ભાંગ્યું




## ચિંતન

**અશ્વ પ્લુતં વાસવગર્જિતં ચ, સ્ત્રીણાં ચ, ચિત્તં પુરૂષસ્ય ભાગ્યં ।**
**અવર્ષણં ચાપ્યતિ વર્ષણં ચ દેવો ન જાનાતિ કુતો મનુષ્યઃ ॥**

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'માંથી લેવામાં આવ્યો છે ત્યારે ડો. અશોક પટેલ (સોનોગ્રાફીવાળા) કે હવામાન ખાતાંનો જન્મ પણ નહીં હોય એટલો પ્રાચીન છે - કહેવત છે કે 'આભ કે ગાભ' ની કોઇ આગાહી થઇ શકે નહીં :-

અર્થ :- 'ઘોડાનું કૂદવું, વરસાદનું ગાજવું, સ્ત્રીના ચિત્તનો ત્યાગ (ભાવ), પુરૂષનું ભાગ્ય, અનાવૃષ્ટિ (દુષ્કાળ) કે અતિવૃષ્ટિ વધારે પડતા વરસાદ-આટલી બાબતોનો વર્તારો - આગાહી વિધાતા-દેવો પણ ચોક્કસ કંઇ કહી શકતા નથી તો પછી માણસનું તો શું ગજું?'

પ્રકૃતિના અમૂક તત્વોના રહસ્યો, રહસ્યો જ રહેતાં હોય છે. એવાં રહસ્યોનો તાગ વિધાતા-દૈવ-જયોતિષી અને હવામાન ખાતાવાળા પણ નિશ્ચિત રીતે કહી શકતા નથી.

ઘોડો કેટલું અંતર કૂદી શકે તે તેના બળ અને ઉત્સાહ પર આધારિત હોય, યુધ્ધ સમયનો ટેમ્પો અને માલિક પ્રત્યેનો પ્રેમ-વફાદારી પર આધારિત હોય છે. વરસાદ ગાજે અને વરસે એ નિશ્ચિત નથી હોતું. પુરૂષ ગમે તેટલી મહેનત કરે પણ જયારે ભાગ્ય ફળે ત્યારે જ ફળે, ભાગ્ય કયારે ફળે તે કોઇ કહી શકતું નથી.

વરસાદ-વાવાઝોડાંની અત્યારે નિશ્ચિત આગાહી થાય છે પણ કયારે કઇ દિશામાં ફંટાઇ જાય એ હજુ પણ નક્કી નથી.

## સુવિચાર

- સમય કિંમતી છે પણ સત્ય તેનાથી પણ અધિક મૂલ્યવાન છે - **ડિઝરાયલી**
- સત્ય જ સર્વમાન્ય-શ્રેષ્ઠ ધર્મ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીત હંમેશાં સત્યની જ થાય, જૂઠની કદાપિ નહીં - **ભાસ**
- સત્ય આપણો જ નિયમ છે અને આપણી જ પ્રસન્નતા - **ટાગોર**
- સત્ય સદાય ચીર યૌવન છે તે વૃધ્ધ થતું નથી - **બર્નાડ શો**
- સત્યને હંમેશાં શૂળી પર લટકતું દેખાડવામાં આવતું હોય છે અને અસત્યને સિંહાસન પર બેઠેલું બતાવાય છે, આ વાત અર્ધસત્ય છે. કારણ કે, શૂળી પર લટકતું હોવા છતાં પણ સત્ય સિંહાસન પર હોય છે અને અસત્ય સિંહાસન પર બેઠેલું હોવા છતાં તે શૂળી પર હોવાથી પીડા સહન કરતું હોય છે - **જેમ્સ લોવેલ**

## બોધકથા

આજે પણ જેને સત્તા-પદની પડી નથી એવા કેટલાય સંત જેવા સમાજ સેવકો પોતાના માન-સન્માની અપેક્ષા વિના પોતાની શક્તિ મુજબ સમાજસેવા 'મૌન' રહીને કર્યા કરે છે, એવી જ રીતે નિષ્કામ ભક્તિ દ્વારા, કોઇ વિશાળ મંદિર-આશ્રમો બંધાવ્યા વિના એવા અનામી સંતો પણ છે જે પોતાની મસ્તીમાં રહી ભજન-ભક્તિ કરે છે એમને પોતાના આસપાસનાં 'સમાજ' ને વ્યાખ્યાનો-કથાઓ દ્વારા સુધારવાનો ઠેકો પણ લીધો નથી. ખરેખર તો, આવા 'નિર્મોહી' સંતો દ્વારા જ 'સ્વર્ગ' નું સર્જન થાય છે - સ્વર્ગની ઓળખ જ એવા સંતો જ છે.

એક મુલ્લાંજી મૃત્યુ પછી, યમરાજા સાથે ઉપર કયામત માટે જતાં હતા. રસ્તામાં સ્વર્ગ આવ્યું, ત્યાં નરસિંહ, મીરાં, કબીર, રહીમ વગેરે સંતો પોતાની મસ્તીમાં ભજનો લલકારતાં હતાં. કોઇ નૃત્ય કરતું હતું, કોઇ પોતાનાં પદ સંગીતના તાલે ગાઇ ઝૂમતાં હતાં.

મુલ્લાંજી કહે - આ શું છે? યમ કહે - 'સ્વર્ગ' ...પણ આલોકો તો પૃથ્વી પર હતાં ત્યારે પણ આવું જ કરતાં હતાં. ભજન-કીર્તન-કવિતા કરી કરી ને અહીં આવ્યાં તો પણ અહીં આ જ કરવાનું?

યમરાજ કહે - હા, તમે એમની આસપાસના સ્વર્ગને ઓળખી ન શક્યા, અહીં એમને કારણે જ આ સુંદર સ્વર્ગ બન્યું અને આજે પણ ટકી રહ્યું છે..

ઇશ્વરને નિર્મળ ભાવ જ ગમે છે આવા સંતોને કારણે જ આ સ્વર્ગ ટકી રહ્યું છે.

# સ્ત્રીને સમાન હક્ક મળે એ માટે ચળવળ ચાલી રહી છે, એને લગતા કાયદાઓ પણ ઘડાયા છે, પણ જયાં સુધી સમાજની દૃષ્ટિ અને સમજશક્તિ નહીં બદલાય ત્યાં સુધી કાયદાઓ કંઇ જ કરી નહીં શકે

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

સુકેતુ અને સુકન્યા બેઉને એક જ ચિંતા કોરી ખાતી હતી, એમનો એકમાત્ર ચિરંજીવ સાર્થક માટે યોગ્ય કન્યા મળતી ન હતી. ૨૯ વર્ષનો સાર્થક જયારે ૨૫ નો થયો હતો ત્યારથી એના માતા-પિતાએ એને માટે સંસ્કારી કન્યાની શોધ આદરી હતી. એવું ન હતું કે સાર્થક પરણવાની ના પાડતો હતો. પણ ચાર ચાર વર્ષની ખોજ બાદ પણ યોગ્ય કન્યા નજરમાં આવતી ન હતી. સુકન્યાના પિયરિયાઓએ જયાં જયાં નજર રી એ બધા જ કુટુંબોમાં દરેકને ત્યાં દીકરાઓ જ હતા. આ જ પ્રમાણે સુકેતુનાં બધા જ મિત્રો તેમજ બિઝનેસ એસોસિયેટ્સના ઘરમાં પણ દીકરીઓ જ ન હતી. આખરે સાર્થક પોતાની ખ્રિસ્તી સેક્રેટરીને પરણ્યો.

સાર્થકની પત્ની સિલ્વિયા એક જ વર્ષમાં ગર્ભવતી થઇ. એ સમયે ભણેલા ગણેલાં સુકેતુ અને સુકન્યાએ સાર્થકથી છુપાવીને સિલ્વિયા ઉદરમાં દીકરો છે કે દીકરી એની જાણ કરાવી. ખબર પડી કે સિલ્વિયા દીકરીને જન્મ આપવાની છે, એમણે એમની વહુને ગર્ભપાત કરાવવા કઇ રીતે મનાવવી તેનું પ્લાનિંગ કરવા માંડ્યું. સાર્થકને જયારે આ વાતની જાણ થઇ ત્યારે એ ગુસ્સાથી લાલચોળ થઇ ગયો. એણે પોતાનો જ દાખલો આપતા એના મા-બાપને જણાવ્યું કે બધા જ પેટમાંની દીકરીઓની હત્યા કરાવતા હતા આથી જ, સાર્થકને પરણવા માટે યોગ્ય કન્યા મળી ન હતી.

આ તો મુંબઇ, અમદાવાદ અને સૂરતની શહેરની વાત છે, જો મોટા શહેરોમાં જ ભણેલા ગણેલાં સંસ્કારી અને સાધનસંપન્ન લોકો દીકરી જનમવાની છે એ જાણીને ગર્ભપાત કરાવવા ઇચ્છતા હોય તો પછી અભણ, પછાત, ગરીબ નાનાં શહેરો અને ગામડાંઓમાં વસતાં લોકોની વાત જ શું કરવી? ડોકટર પ્રણયે રંજનાની ચોથી ડિલીવરી વખતે એનાં હસબન્ડને ચેતવણી આપી હતી કે બસ હવે બંદ કરશો. છોકરાની લાહ્યમાં હવે તમારી પત્નીને પાંચમીવાર પ્રેગનન્ટ ન કરતા. એ હવે પછી જો ગર્ભ ધારણ કરશે તો એની જાનને જોખમ છે. પણ ચાર છોકરીના બાપને પોતાનો વંશ ચાલુ રાખનાર અને મૃત્યુ બાદ અગ્નિ આપે તે પુત્ર કોઇ પણ ભોગે જોઇતો હતો. આથી ડોકટરની અવગણના કરીને એણે પત્નીને પાંચમીવાર ગર્ભવતી કરી, પરિણામ એ આવ્યું કે પાંચમી બાળકીને જન્મ આપીને રંજનાએ ડિલીવરી રૂમમાં જ પ્રાણ ત્યાગ્યા.

મોટા ભાગે એવું જોવામાં આવ્યું છે કે, છોકરીઓ લગ્ન કરીને સાસરે ગઇ હોવા છતાં માતા-પિતાની કાળજી રાખતી હોય છે. અને છોકરાઓ બાપનો બધો જ પૈસો પચાવી પાડીને, એમનાં જ ઘરમાં એમને નિરાધાર બનાવીને રાખતા હોય છે. તેમ છતાં એ જ પિતા પુત્ર જન્મની આશા સેવતો હોય છે. આપણા હિંદુઓમાં જ પુત્ર લાલસા હોય છે એવું નથી. ભારતમાં તો બધા જ ધર્મના લોકો પુત્રની ખેવના કરતા હોય છે. જો પત્ની છોકરીને જન્મ આપે તો જાણે કે એ એનો જ વાંક હોય એમ એની તરફ ઓરમાયું વર્તન કરવામાં આવે છે, અને ઘણાં કિસ્સાઓમાં તો પુત્રીઓને જન્મ આપનાર પત્નીઓને ખતમ કરી દેવામાં આવે છે. ત્યાર બાદ પુત્ર જન્મ માટે નવી પત્ની લાવવામાં આવે છે. કરૂણતા એ છે કે આ બધામાં સ્ત્રીઓનો હાથ વધુ જ હોય છે. મા જ એના દીકરાને કહે છે કે, 'આપણા ઘરમાં એક દીકરો તો હોવો જ જોઇએ, નહીં તો તારો વંશ આગળ કેમ ચાલશે?' બહેન જ ભાઇને કહેતી હોય છે કે, 'ભાભી જો તને વારસદાર આપી ન શકે તો એ શું કામની? એને કાઢી મૂક અને પુત્ર જન્મ આપ એવી પત્ની લાવ.'

**આપણા હિંદુઓમાં જ પુત્ર લાલસા હોય છે એવું નથી, ભારતમાં તો બધા જ ધર્મના લોકો પુત્રની ખેવના કરતા હોય છે. જો પત્ની છોકરીને જન્મ આપે તો જાણે કે એ એનો જ વાંક હોય એમ એની તરફ ઓરમાયું વર્તન કરવામાં આવે છે**

આપણા કાયદાઓ પણ આ જ સુધી એવા રહ્યા છે કે પુરૂષોની તરફદારી કરે છે અને સ્ત્રીઓને સમાજ હક્ક નથી આપતા. એક બાપને દીકરો અને દીકરી હોય તો બાપનું બધું જ દીકરા માટે છે એવું સ્પષ્ટપણે જાહેર કરવામાં આવે છે. દીકરી તો લગ્ન બાદ પારકી બની જાય છે. લગ્ન પહેલાં પણ એ પારકી થાપણ કહેવાય છે. આજનાં કોમ્પ્યુટર યુગમાં પણ દહેજ, મૃત્યુ ગઇકાલની વાત બન્યા નથી. લગ્ન કરીને ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા કે ઓસ્ટ્રેલિયા જેવા આગળ પડતાં દેશોમાં ગયેલા આપણા યુવાનો પણ એમની પત્ની પુત્રને જન્મ ન આપે તો એમને ઇન્ડિયા પાછી મોકલી આપે છે અને પછી પરદેશમાં જ છૂટાછેડા મેળવીને પુત્ર આપશે એવી આશાએ બીજી સ્ત્રીને પરણતા હોય છે. આવી વ્યક્તિઓ જોડે લગ્ન કરનાર બીજી સ્ત્રી પણ એના પતિની પહેલી પત્નીની ગુનેગાર જ હોય છે.

વર્ષોથી સ્ત્રીને સમાન હક્ક મળે એ માટે ચળવળ ચાલી રહી છે. એને લગતાં કાયદાઓ પણ ઘડાયા છે. પણ જયાં સુધી સમાજની દૃષ્ટિ અને સમજશક્તિ નહીં બદલાય ત્યાં સુધી કાયદાઓ કંઇ જ કરી નહીં શકે. જેઓ એમને ફક્ત દીકરાઓ જ જન્મે એવું ઇચ્છતા હોય છે અને દીકરીઓને માના પેટમાં જ રહેંસી નાખતા હોય છે. એમણે વિચાર કરવો જોઇએ કે જો બધી સ્ત્રીઓ પુરૂષોને જન્મ આપશે તો એ પછી એમનો વંશવેલો કેવી રીતે ચાલુ રહેશે.

**જો પત્ની છોકરીને જન્મ આપે તો જાણે કે એ એનો જ વાંક હોય એમ એની તરફ ઓરમાયું વર્તન કરવામાં આવે છે, અને ઘણાં કિસ્સાઓમાં તો પુત્રીઓને જન્મ આપનાર પત્નીઓને ખતમ કરી દેવામાં આવે છે. ત્યાર બાદ પુત્ર જન્મ માટે નવી પત્ની લાવવામાં આવે છે**

# અતીત લીલાને પુનઃ અંકે કરી તરોતાજા કરતી સ્મરણ વીથિકા

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

માનવ જીવનમાં કોઈ સાચો ખજાનો હોય તો એ સ્મરણ છે. આયુષ્યના અવશેષ સ્મરણ વાગોળવાનું દરેકને ગમે છે, એ સ્મરણોમાં અનેક વિવિધતા, રોમાંચ, કયાંક હાસ્ય તો કયાંક રૂદન, કુટુંબ, સમાજ અને મિત્રો સાથેનાં સંસ્મરણો એ ઘણું બધું કયાંકને કયાંક કોઈને કોઈ જુદા જુદા સ્વરૂપે આવી જતું હોય એવા સ્મરણની પગદંડીએ ચાલતાં ચાલતાં થયેલાં અનુભવોની સાચકલી કથા એટલે 'સ્મરણ વીથિકા.'

'સ્મરણ વીથિકા' ભાનુપ્રસાદ પુરાણીનું સ્મરણ ભાથું લઈને આવતું એક એવું સુંદર મજાનું પુસ્તક છે. જેને વાંચતા વાચક કયારેક પોતાના જીવનના સ્મરણો વાગોળતા બેસી જાય. તેમાંથી પસાર થતાં આપણા વરિષ્ઠ સાહિત્યકાર પ્રવિણ દરજી કહે છે તેમ ભાનુભાઈની સ્મરણ વીથિકાઓ એક એકથી ન્યારી અને આકર્ષણ ભરેલી પગથીઓ છે. મજાથી તેમાં ચાલો, બન્ને બાજુના સૌંદર્યને માણો, આગળ વધો. બસ આગળ વધો, ચાલવાની મજાનો જ ઉપક્રમ હોય.આ સ્મરણો પણ એવાં છે. માણ્યા કરો, ઉછાળ્યા કરો, મરક-મરક હસો, કયાંક એકદમ તાજા માજા થઈ જાવ, કયાંક હાશકારો અનુભવો કયાંક ડૂસકાઈ જાવ,હીંબકા ભરો, કયાંક મૂંગા મંતર થઈ જાવ, કયાંક તમે એવા સ્મરણને સહેજ થોભીને માણો, વળી આગળ વધો, વળી માણો. એવું પણ બને કયાંક વાસ્તવની ધરા ઉપર ઘટેલાં અનુભવો પણ અહીં મળે. કયાંક વ્યક્તિને લક્ષમાં રાખીને નવી-નોખી રીતે એનો નાક નકશો પણ પ્રાપ્ત થાય. કયારેક એવાં સ્મરણો ગદ્યમાં રહીને કાવ્યાનુભવ કરાવી રહે. કયાંક છેક વાર્તાના સીમાડે પહોંચી જાય. કયાંક એવી સ્મરણ વીથિકા, લલિત નિબંધનું અનુસંધાન પણ દાખવે તેથી ભાનુપ્રસાદની આ સ્મરણ વીથિકાનું ભાવ વિશ્વ અને રચના વિશ્વ એમ - ઉભય માણવામાં ગમે તેવાં છે. તેથી એમ કહી શકાય કે આ ગદ્ય લેખન અનેકવેળા સર્જન સુધી પહોંચે છે. સ્મરણો અનેક જગાએ અંગત રહીને પણ સર્વજનીન બનીને રસોત્પાદકતા ધારણ કરનારાં બન્યાં છે.




અહીં એવા ચાળીસ આલેખો લઈને ભાનુભાઈ આપણી સમક્ષ આવ્યા છે. 'અશ્રુધરમાં એક રામ', રાત્રિ અને હોસ્પિટલનું મુલાકાતીઓ અને સ્વજનોના મનનું તાદશ ચિત્ર ઉપસાવી રહે છે. ત્યારે રિલ્કેની નવલકથામાંનું હોસ્પિટલનું દશ્ય વાચક સમક્ષ ખડુ થાય છે. હોસ્પિટલની ભીંતર અને એનીય ભીંતરની સંવેદના અહીં સ્પર્શક્ષમ બની આવે છે. 'સ. દ. પોતે' જીવન લેખની અડખે પડખે કેવા કેવા ચઢાવ ઉતાર પ્રત્યક્ષ થતા આવે છે. અને અંતે લેખક કહે છે કે 'ઘટનાઓનું બીજું નામ જીવન' ત્યાં એ વિરમે છે, કદાચ એ જ જીવનનું સત્ય છે. 'છેલ્લો ઘૂંટડો' માં સાદ્યંત કરૂણની મીંડ છેડાઈ છે. 'જાકો રાખે સાંઈયા' માં પ્રવાસ નિમિત્તે દુર્ઘટનાઓનો ભોગ બનવાનું બન્યું તે અને અંતે તેમાંથી બચી ગયાનો તોષ અનુભવાય છે. 'બેલા' માં વિદ્યાર્થીની કોઈકની પત્ની બની વર્ષો પછી પોતાના 'સાહેબ' ને મળે છે. તેમાં સાહેબની સંવેદનાઓ ઝિલાઈ છે. 'મહા ગુજરાત લેંકે રહેંગે' માં ઐતિહાસિક ઘટનાને, એ દિવસોનો, પોતાનું એ ઘટના સાથેનું જોડાણ વગેરેનું યથાર્થ ચિત્રણ મળે છે. એવા દિવસો વહી ગયાનો છેલ્લા વાક્યમાં રંજ પણ પ્રગટ્યો છએ. તો 'સોનાનો સૂરજ' માં સાતપુડાનાં પર્વતીય પરિવેશની ત્યાંના આદિવાસીનું અને આદિવાસીના પુત્રને ભણવાની ચિંતાનું સંવેદ્ય વર્ણન થયેલું છે. 'વાત એક રાતની' માં અધિકારી તરીકે કરેલા પ્રવાસમાં કોઈ એક રાત્રીએ વરસાદે કેવા પજવેલા, મીંયાની મીંદડી થઈને કેવો રાત વાતો કરવો પડેલો અને વ્યથા ભરેલી રાત્રી પણ જિંદગીભર નહીં ભૂલાય - તેવી કેવી રીતે બની હતી વિગેરે સ્મરણો પ્રગટ થયાં છે. 'વીજળી વેરણ થઈ' માં વીજળી નિમિત્ત છે. પણ એ નિમિત્તે વરસાદી રાત, નિદ્રા માટેનો પ્રયત્ન, વીજળીના ચમકારા, રાત્રીએ પાડોશીનાં બાળકોનું રૂદન અને વહેલી સવારે તંદ્રિત અવસ્તામાં જ દૂધવાળાની બૂમ - સાથે પરોઢિયે 'મોહન પ્યારે જાગો' નું રેડિયોમાં વાગતું ગીત વગેરેનો ગુમ્ફ રચી એક વિશિષ્ટ' રાત્રીએ તેઓ ભાવક સામે મૂકી આપે છે. ભાનુભાઈ પાસે પોતાની નૈસર્ગિક છટાવાળી શૈલી છે. એ શૈલીમાં દંભ-ડોળ નથી. જીવનના અનુભવો - સ્મરણો ને તે સહજરૂપે અવતારે છે. અને કથનને તેઓ પ્રાસંગિક બનાવી શકે છે. 'સ.દ. પોતેમાં પોરપંદરના દરિયાનું વર્ણન', 'પિતૃતર્પણ' માં પિતાના મૃત્યુનો અવસાદ તેમજ 'સાસણ ગીરમાં સિહ દર્શન' માં લેખકની વર્ણન શક્તિનો પરિચય આપણને થાય છે. તો સાથે સાથે જૉસેફ મેકવાન, સ્વ. ચંદુલાલ ભગુભાઈ દલાલ તેમજ મામા સાહેબ ફડકેમાં સ્મરણો નિમિત્તે તેમનાં ચરિત્રો ઉપરાંત લાલજીભાઈ પરમાર અને પાટીલના મિત્રો-ચરિત્રો પણ યાદગાર બન્યાં છે. છેલ્લે 'સાંભરશે સથવારો' માં લેખકે નિવૃત્તિ પછીની કોઈક પળે આખા યે જીવનને વ્યાપી લેવાનો અને સાથે માણી લેવાનો પ્રયત્ન કર્યો છે. અહીં એમણે બાળપણ, વિદ્યાઅભ્યાસ, નોકરી, નિવૃત્તિ અને પછી લેખન પ્રવૃત્તિ સુધીનો સથવારો પોતાના જીવનમાં કઈ રીતે ઉપકારક બન્યો છે તેનું ઓશિંગણ ભાવે સ્મરણ કર્યું છે. જાણતા વિચારક પ્રકાશ ન. શાહ સ્મરણ વીથિકા નિમિત્તે ભાનુભાઈના પિતા હરિશંકર ભાઈનાં ગાંધી ગીતો ગાતા ભાનુભાઈને સાંભળતા ભીની થતી આંખોની આદ્રતા, હૃદયની સુકુમારતાનું સ્મરણ કરતાં તેને તીર્થોદક કહે છે કેમ કે, તેમાં ભાવનાની ભીનાશનું વરદાન રહેલું છે.

'માણ્યુ તેનું સ્મરણ કરવું... એમ કહી પોતાની કૅફીયત રજૂ કરતાં ભાનુભાઈ કહે છે કે - 'આયુષ્યના સાત દાયકા કયારનાંય પુરા થઈ ગયા અને નરસિંહ મહેતા ગાઈ છે તેમ કુળ એકોત્તેર તરી ગયો. ત્યારે માણ્યું તેનું સ્મરણ કરવું એય એક લ્હાવો છે. જે સ્મરણ લેખો સ્વરૂપે 'સ્મરણ વીથિકા' નામે સંભારણા તરીકે મુકી રહ્યો છે.'

એ રીતે જોતાં 'સ્મરણ વીથિકા' એમ સુવાચ્ય અને સુપથ્ય બની છે. કશું કહી કરી નાંખવા માટે નહિ પણ અતીત લીલાને પુનઃ અંકે કરી તેમાંથી તરો-તાજા થવા માટેનો પોતાની રીતનો લેખકે પ્રયત્ન કર્યો છે. એ રીતે આ સ્મરણ વીથિકા લેખકનાં આંતર વ્યક્તિત્વને પણ મહેંકાવી રહે છે.

● અનુસંધાન પાન-૬ પર

# દેવું ગામડે જવા બસમાં બેઠો, સંધ્યા સાથેના પ્રેમ અને લાગણીએ તેને ઘાયલ કરી દીધેલ, સંધ્યાએ તેના પર વશીકરણ કર્યું હોય તેમ તેને તાબે થઈ ગયેલ તેવું લાગતું હતું

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૦)

**- જયંતીલાલ મકવાણા**

**(ગતાંકથી આગળ...)**

સંધ્યાના ઘરનું વાતાવરણ જોતા દેવાને એવું લાગ્યું કે તેમને આ આવેલી પડેલી આફતમાંથી કેમ ઉગારવા. બળતા ઘરને બચાવવા માટે કોઈ રસ્તો કાઢવો પડશે. સંધ્યાના મા-બાપ પર આભ તૂટી પડ્યું હોય તેમને બચાવી લેવા એ લોઢાના ચણા ચાવવા જેવું હતું. તેઓ આ મુશ્કેલીનો સામનો કરી શકે તેમ હતા નહિ. આ આવી પડેલી આફતથી કદાચ માનસિક સમતુલા પણ ગુમાવી બેસે તેવું લાગતું હતું.

જમનાદાસ અને જમનાની માનસિકતા જોતાં દેવાએ કહ્યું 'માસા, મકાન ખાલી કરવાની ચિંતા કરતા નહિ. આપણે કાંઈક રસ્તો કાઢીશું.'

'દેવાભાઈ, આ આવી પડેલ સંકટનો કોઈ ઉકેલ જ નથી! કારણ રૂપિયા એજ એનો ઉકેલ છે. જે અમારા માટે અશક્ય અને અઘરૂં છે.' સંધ્યાના બાપુએ કહ્યું.

સંધ્યાના પિતાજીના શબ્દો સાંભળતા દેવાએ કહ્યું 'માસા, મારા ઘરેથી સમાચાર આવતા મારે તાત્કાલિક ગામડે જવું પડે તેમ છે એટલે હું ગામડે જાઉં છું. તમે ચિંતા કરશો નહિ. હું બને એટલો તમને મદદરૂપ થઈશ.'

પણ દેવાભાઈ, આવી પડેલ આફતથી અમે જીવી શકીએ તેમ નથી! આ આફત અને મોત બંને સરખા છે.

પિતાના લાચારી ભરેલા શબ્દો સાંભળતા સંધ્યાની આંખોમાંથી ઝળઝળીયા આવી ગયાને રડવા લાગી.

સંધ્યાને રડતા જોઈ દેવાએ કહ્યું 'સંધ્યા, મારે અગત્યના કામ માટે ગામડે જવું પડે તેમ છે. એટલે હું આવું ત્યાં સુધી તમે ધીરજ ધરજો.'

'દેવા, આપણે હવે કદાચ મળી એ કે ન મળી શકીએ. હવે પછીની મુલાકાત કદાચ આ શહેરમાં ન પણ થાય. હવે અમારી મંજિલ ક્યાં હશે તે કહેવું મુશ્કેલ છે કારણ મકાન માલિક હવે વધારે વખત રહેવા દે તેમ નથી!'

સંધ્યા આંખોમાંથી આંસુ સરકા રહ્યા અને દેવો ધીરજ ધરવાનું કહેતો ગામડે જવા નીકળી ગયો.

જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ સંધ્યાના મા- બાપની ચિંતા વધતી ગઈ. તેમના હૃદયની ધડકન વધવા લાગી સંધ્યા ભાંગી પડી. મકાન ખાલી કરવાના દિવસો નજીક આવતાં તેમના દેહમાં ચેતન ન રહેતાં હાડપિંજર જેવાં તેમના શરીર થઈ જતાં એમને થતું કે આવી ચિંતા કરવી એના કરતાં ભગવાન મોત દે તો સારું! જિંદગીમાં આવા ખરાબ દિવસો કોઈ દી જોયા ન હતાં. આ સાપના ભારા જેવી જુવાન જોધ દીકરીને લઈને ક્યાં જાવું! આથી જમનાદાસ હિબકા ભરતા ભરતા રડવા લાગ્યા. આજે વૃધ્ધાવસ્થામાં તેમને સમજાયું કે દુનિયામાં જો મોટામાં મોટું કોઈ દુઃખ હોય તો ગરીબાઈ જેવું કોઈ દુઃખ નથી.

દેવું ગામડે જવા બસમાં બેઠો. સંધ્યા સાથેના પ્રેમ અને લાગણીએ તેને ઘાયલ કરી દીધેલ. સંધ્યાએ તેના પર વશીકરણ કર્યું હોય તેમ તેને તાબે થઈ ગયેલ તેવું લાગતું હતું. સંધ્યાના કુટુંબ પર આવી પડેલી આફતથી તેને આઘાત લાગેલો આથી હંમેશ તે એની મુશ્કેલી દૂર કરવા પ્રયત્ન કરતો રહેતો.

દેવો એની પત્ની અમુને પણ વીસરી ગયેલ. સીમંત ભરીને તેની પત્નીને તેડી ગયા ત્યારે અમુએ દેવાને કહેલ કે, 'તમે મારા પિયર મળવા જરૂર આવજો!'

એ સમયે દેવાએ પણ વચન આપતાં કહેલું ,'અમુ, હું તને મળવા જરૂર આવીશ!'

સાસરેથી વિદાય લેતાં અમુએ કહેલ કે 'કોલેજની છોકરીના પડી જતાં મને ભૂલી તો નહિ જાવને!

ત્યારે દેવાએ કહેલું કે, 'હા, કોઈ રૂપાળી છોકરી સાથે પ્રેમ થઈ જાય તો તને ભૂલી પણ જાઉં.' અને બંને હસી પડેલ!

દેવો વિચારતો કે મા-બાપને મારા પ્રેમની ખબર પડશે ત્યારે હું એમને શું જવાબ દઈશ!

દેવો સંધ્યાના પ્રેમમાં આંધળો થઈ ગયેલ સંધ્યાનું

● અનુસંધાન પાન-૬ પર

**મકાન ખાલી કરવાના દિવસો નજીક આવતાં તેમના દેહમાં ચેતન ન રહેતાં હાડપિંજર જેવાં તેમના શરીર થઈ જતાં એમને થતું કે આવી ચિંતા કરવી એના કરતાં ભગવાન મોત દે તો સારું!**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૮મી મે**



- વીર વિનાયક રાવ સાવરકર ૨૮-૫-૧૮૮૩માં જન્મ. અભિનવ ભારત સંસ્થાના સ્થાપક. અંગ્રેજ સરકાર સામે ક્રાંતિકારી પ્રવૃત્તિના પ્રેરક. ૮૩ વર્ષની વયે તેમનું અવસાન થયું. દેશ સ્વતંત્ર થયા બાદ દેશ સેવાનું કાર્ય પૂરું થયું છે તેવું લાગતાં અનાજ, દવા, ચાનો ત્યાગ કરી અનશન કર્યા. ૨૬-૧-૧૯૬૬માં અવસાન. મરણનો કોઇ એ શોક પાળવો નહીં. ઉત્તરક્રિયાઓ કરવી નહીં તેવી સૂચના આપનારા પ્રખર રાષ્ટ્રભક્ત.
- ૧૯૬૮માં કુસ્તીની ચેમ્પિયનશીપમાં દારાસિંઘ



વિશ્વ ચેમ્પિયન બન્યો.

- ૧૯૬૪ માં 'મધર ઇન્ડિયા' નામની ખ્યાતનામ ફિલ્મના સર્જક મહેબૂબ ખાનનું અવસાન થયું.